R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? (હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to:
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી, અમદાવાદ-૭

YEAR-27 • ISSUE: 11 DATE: 17-03-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## દેશમાં ભયનું સામ્રાજ્ય, વિપક્ષના અવાજને દબાવી દેવામાં આવી રહ્યો છેઃ સોનિયા ગાંધી પુર્વ કોગ્રેસ પ્રમુખ

કોગ્રેસના પુર્વ પ્રમુખ સોનિયા ગાંધીએ તાજેતરમાં એક ન્યુઝ ચેનલને આપેલી મુલાકાતમાં જણાવ્યુ હતું કે પીએ મોદી અને તેમની સરકાર ફક્ત દેશમાં વિકાસ માત્ર છેલ્લા ચાર વર્ષમાં જ થયો છે તેમ જણાવી રહી છે.શું માત્ર ભાજપના શાસનમાં જ દેશનો વિકાસ થયો છે ?ભાજપના દાવા પર સરકારને સવાલ કરતાં સોનિયાગાંધીએ જણાવ્યુ હતું કે શું ર૬મે ર૦૧૪ પહેલાં ભારત જાયન્ટ બ્લેક હોલ હતો ? શુ ભારતનો વિકાસ,મહાનતા અને સમૃધ્ધિ ફક્ત ચાર વર્ષના જ થયા છે ? શું આ દાવો આપણી જનતાની બુધ્ધિમત્તાનું અપમાન નથી ?

સોનિયા ગાંધીએ આરોપ મુક્યો હતો કે ભાજપે કોગ્રેસની છબી મુસ્લીમ પાર્ટી તરીકે ઉપસાવી જેના કારણે કોગ્રેસને ચુંટણીમાં નુકશાન થયું. કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને હું મંદિર જઈએ છીએ. સોનિયા ગાંધીએ આરોપ મુક્યો હતો કે મોદી સરકાર વિપક્ષનો અવાજ દબાવી રહી છએ. આપણી સ્વતંત્રતા પર હુમલા થઈ રહ્યા છે.દેશમાં વધી રહેલી અસહિષ્ણુતા પર ભાજપ સરકારને ઘેરતાં કોગ્રેસના નેતાએ જણાવ્યુ હતું કે દેશમાં ભયનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે.વિરોધીઓનો અવાજ દબાવી દેવામાં આવે છે.ધાર્મિક તણાવ ભડકાવવામાં આવી રહ્યો છે.સરકારી સંરક્ષણ હેઠળ મોરલ પોલીસીંગને છુટોદોર આપી દેવાયો છે. ચુંટણી જીતવા માટે સમાજનું ધ્રુવીકરણ કરવામાં આવી રહ્યુ છે.

સોનિયા ગાંધીએ જણાવ્યુ હતું કે સંસદમાં મળેલી પ્રચંડ બહુમતીનો ઉપયોગ વિપક્ષને દબાવવા માટે કરવામાં આવી રહ્યો છે.જો વિપક્ષને સંસદમાં બોલવા જ દેવા હોય તો શા માટે સંસદ બંધ કરી દેતા નથી. જેથી અમે ઘર જઈ શકીયે.વાજપેયીની જેમ આ ભાજપ સરકાર સંસદીય પ્રક્રિયાનું સન્માન કરતી નથી.

ભાજપ સરકારના શાસનની ટીકા કરતાં સોનિયાએ જણાવ્યુ હતું કે કે આપણાં ન્યાયતંત્રમાં અંધાધુધી વ્યાપી ગઈ છે.આરટીઆઈનો કાયદો પારદર્શકતા માટે લવાયો હતો પરંતુ



આજે આ કાયદાને કોલ્ડ સ્ટોરેજમાં મુકી દેવાયો છે.આધારનો ઉપયોગ લગામ કસવાના સાધન તરીકે થઈ રહ્યો છે.ર૦૧૪માં કોગ્રેસના પરાજય પર તેમણે કહ્યુ હતું કે ર૦૧૪માં મોદી અને ભાજપે અમારી વિરુધ્ધ દુષ્પ્રચાર કર્યો હતો.કોગ્રેસ પર મુકાયેલા ભ્રષ્ટાચારના આરોપ ખોટા હતા. કેવી રીતે ટુજી સ્કેમનો રિપોર્ટ આપનારા અધિકારીને મલાઈદાર નોકરી આપી દેવાઈ છે.

સોનિયા ગાંધીએ મોદી સરકારના અચ્છે દિનના નારા પર પ્રહાર કરતાં જણાવ્યુ હતું કે તેના હાલ પણ સાઈનીંગ ઈન્ડીયાના નારા જેવા થશે.ર૦૦૪માં વાજપેયી સરકારે સાઈનીંગ ઈન્ડીયાનો નારો આપ્યો હતો.પરંતુ એનડીએનો કારમો પરાજય થયો હતો.૪ વર્ષનામાં મોદી સરકારે તેનુ એકપણ વચન પુરુ કર્યું નથી.મને વિશ્વાસ છે કે ર૦૧૯માં કોગ્રેસ કેન્દ્રમાં વાપસી કરશે.

સોનિયા ગાંધીએ જણાવ્યુ હતું કે કેન્દ્રમાં સત્તા પર આવવા માટે કોગ્રેસે જનસંપર્કની નવી પધ્ધિતિ અપનાવવી પડશે.અમે અમારા કાર્યક્રમો અને નીતિઓ કેવી રીતે જનતા સમક્ષ રજુ કરી શકીએ છીએ તેના પર ધ્યાન આપવું પડશે.નવા ચુંટાયેલા કોગ્રેસ પ્રમુખે જનતા મધ્યે સાચું સંતુલન જાળવવું પડશે.ર૦૦૪માં કોગ્રેસ સત્તા પર આવી ત્યારં હું મારી મર્યાદાઓ જાણતી હતી. હું જાણતી હતી કે મનમોહનસિંહ મારા કરતાં સારા વડા પ્રધાન સાબિત થશે.ર૦૧૯માં ચુંટણી લડવા પર સોનિયા ગાંધીએ જણાવ્યુ હતું કે કોગ્રેસના નિર્ણયને હું માન આપીશ.

## સત્તાના જોર પર ચીનના જિનપિંગ સર્વેસર્વા સરમુખત્યારની ભુમિકામાં, આજીવન સત્તા પર રહેશે

બહુમતીના જોર પર શક્તિશાળી નેતાઓ શું ના કરી શકે ? અને શું કરી શકે તેનો જીવતો જાગતો દાખલો ચીનના જિનપિંગે સત્તાના જોર પર આજીવન સત્તાની ખુરશી પર પોતાનો હક્ક જમાવી દીધો.ચીનની સંસદે દેશના પ્રમુખ અને નાયબ પ્રમુખના હોદ્દા માટે મહત્તમ બે ટર્મની નિર્ધારિત મર્યાદા રદ કરી દેતાં સુધારાને મંજુરી આપી દીધી છે અને તે સાથે જિનપિંગ આજીવન ચીનના પ્રમુખ તરીકે રહેવાનો માર્ગ મોકળો કરી દીધો છે.આમ હવે સામ્યવાદી વિચારધારામાં માનતી ચીનની મહાસત્તાનો સરમુખત્યારશાહીમાં પલટો થઈ રહ્યો છે.

પ્રમુખ અને ઉપપ્રમુખ માટે કાર્યકાળની મર્યાદા નાબુદ કરવાના બંધારણમાં સુધારણાને એનપીસીએ ર૯૫૮ મતોથી બહાલી આપી હતી. માત્ર બે જ મત તેમની વિરુધ્ધમાં પડ્યા હતા.અને ત્રણ સાંસદો મતદાનથી દુર રહ્યા હતા.એનપીસીએ મતદાન માટે હાથ ઉઠાવવા અને ઈલેક્ટ્રોનિક વોટિંગનો ઉપયોગ કરવાની બદલે પેપર બેલેટ સિસ્ટમને અનુસરવામાં આવી હતી.શી જિનપિંગે સૌથી પહેલા ગ્રેટ હોલ ઓફ ધ પીપલમાં મતદાન કર્યુ હતું.

ચીનની સંસદે બે-તૃતીયાંશ મતોથી બે કાર્યકાળની અનિવાર્યતાને સમાપ્ત કરવાનું ઐતિહાસિક પગલું ભર્યુ છે.પાર્ટીની દરખાસ્તને સમર્થન કરતાં રહેવાને કારણે આશરે ત્રણ હજાર સભ્યો ધરાવતી સંસદ નેશનલ પીપલ્સ કોગ્રેસ રબર સ્ટેમ્પ સંસદ બની ગઈ છે.સંસદની વાર્ષિક સત્ર અગાઉ સીપીસીએ પ્રમુખ અને ઉપપ્રમુખ માટે બે મુદતની મર્યાદા દુર કરવાની દરખાસ્ત કરી હતી. આ બંધારણીય ફેરફાર સાથે જ ૬૪ વર્ષીય જિનપિંગ હવે આજીવન ચીનના રાષ્ટ્રપતિ બની રહેશે.હાલમાં તેમનો બીજો કાર્યકાળ ચાલી રહ્યો છે. અને તે ર૦ર૩માં પુરો થશે.પાર્ટીના સંસ્થાપક અધ્યક્ષ માઓત્સે તુંગ બાદ ગત બે દાયકાથી પાર્ટીના નેતાઓ બે કાર્યકાળની અનિવાર્યતાનું પાલન કરતા રહ્યા હતા.તેની પાછળનો આશય દેશને તાનાશાહીના ચુંગાલમાંથી બચાવવાનો હતો અને એક પક્ષીય રાજનીતી ધરાવતાં દેશમાં સામુહિક નેતૃત્વ સુનિશ્ચિત કરી શકાય.પરંતુ બંધારણાં સુધારો થતાં આ બંન્ને પરંપરા પુરુ થઈ ગઈ છે.

સંસદમાં મતદાન અગાઉ સત્તારુઢ ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીના ટોચના સંગઠને સાત સભ્યોની સ્થાયી સમિતિએ આ સુધારાને મંજુરી આપી હતી.મતદાન અગાઉ એનપીસીના અધ્યક્ષ ઝાંગ દેજિંઆંગે પોતાના કાર્ય રિપોર્ટમાં કહ્યુ હતું કે એનપીસીની સ્થાયી સમિતિનો દરેક સભ્ય બંધારણમાં સુધારાને મંજુરી આપે છે અને તેનું સમર્થન કરે છે. હવે માઓ પછી જિનપિંગ દેશના સૌથી મજબુત નેતા મનાઈ રહ્યા છે.તેઓ સીપીસી અને વિશ્વની સૌથી મોટી સેના એમ બંન્નેના વડા છે. અને દેશના રાષ્ટ્રપતિ પણ છે.

ચીનમાં ૧૯૫૪માં પહેલું બંધારણ ઘડાયું હતું.હાલનું બંધારણ ૧૯૮રથી અમલમાં છે. અને તેમાં ૧૯૮૮,૧૯૯૩,૧૯૯૯, અને ર૦૦૪માં એમ ચાર વખત સુધારા થયા છે.ઉપ પ્રમુખપદે શીસા ખાસ વિશ્વાસુ મનાતા લેફનેન્ટ વાંગ કિશાન પણ એ હોદ્દા પર ચાલુ રહેશે.

જો કે લીગઝુ્યુ તરીકે ઓળખાતા શી જિનપિંગ ચીનમાં સૌથી સન્માન ધરાવતા નેતા છે.ચીનના લશ્કરમાં આધુનિકરણને આક્રમકતાપુર્વક વધારવાનું શ્રેય તેમને જાય છે.તેમણે વિશ્વને સૌથી મોટી સેનાને આધુનિક યુધ્ધો જીતવા માટે સક્ષમ બનાવી છે. જો કે તેમને આજીવન કાર્યકાળ આપવાની દરખાસ્તથી વિશ્વના દેશોમાં ભારે ચિંતા પ્રવર્તી છે.તેમાં ખાસ કરીને ભારત સહિત તેના પાડોશી દેશોનો સમાવેશ થાય છે.અમેરિકાને પછાડીને ટોચની સત્તા બનવાની ચીનની મહત્વાકાંક્ષા સંતોષવાની દિશામાં શીના પ્રયાસો ઘર્ષણ વધારે તેવી પુરેપુરી શક્યતા છે. જો કે હવે આ ચેપ આપણાદેશને લાગુ ના પડે તેમ જોવાનું રહ્યું કારણે આપણું બંધારણ સુધારવાના પ્રયત્નો ચાલુ છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## રાજસ્થાને ૧૨ વર્ષ સુધીની છોકરી પર બળાત્કાર કરનારને ફાંસીની સજા કરતો કાયદો ઘડ્યો

બાર કે તેથી ઓછા વર્ષની છોકરી સાથે દુષ્કર્મના કચેસમાં દોષિતને ફાંસી આપતા કાયદા પર રાજસ્થાન વિધાનસભાએ મંજુરીની મહોર મારી છે. મધ્યપ્રદેશ બાદ રાજસ્થાનમાં પણ હવે ૧ર વર્ષ સુધીની છોકરી સાથે દુષ્કર્મ કરનારને ફાંસીની સજા થશે.રાજસ્થાન આવો કાયદો ઘડનાર દેશનું બીજુ રાજ્ય છે. કલમ ૩૭૬-એએ અંતગર્ત કોઈ ૧ર વર્ષ સુધીની છોકરી સાથે બળાત્કાર કરે તો તેને ૧૪ વર્ષનો જેલવાસ થાય છે. અને જેલવાસનો સમય લંબાવવામાં આવી શકે છે. ૧૪ વર્ષની સજા પુરી કર્યા બાદ દોષિત જેલની બહાર આવી શકશે નહીં. એવા આરોપીઓને મૃત્યુદંડ અથવા આજીવન જેલવાસની જોગવાઈ તૈયાર કરાઈ છે.

આ કાયદો રાષ્ટ્રપતિની મંજુરી બાદ લાગુ પડશે. બળાત્કારમાં સામેલ દરેક વ્યક્તિને ફાંસીની સજા ફટકારાશે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

લોકસભાની પેટા ચુંટણીઓના પરિણામો આવી ગયા.યુપીના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીના રાજીનામાને કારણે ખાલી પડેલ જગ્યા પર પેટા ચુંટણી યોજાઇ.રાજ્યના મુખ્યમંત્રી આદિત્યનાથનો ગોરખપુર અજય ગણાતો ભાજપનો ગઢમાં ૪૩ ટકા મતદાન થયું. જ્યારે નાયબ મુખ્યમંત્રી કેશવપ્રસાદ મોર્યના ફુલપુર મતવિસ્તારમાં ૩૭ ટકા મતદાન થયું. બિહારની અરેરીયાની બેઠક પર સરેરાશ ૫૭ ટકા મતદાન થયું.

યુપીની લોકસભાની બેઠકો પર ભાજપને ગરુર હતો કે આ બેઠકો પર ભાજપ છેલ્લા બે દાયકાથી જીતતું આવ્યું છે. અને ગોરખપુરની સીટ પર આદિત્યનાથની સીટ કોઇ ઝુંટવી શકે નહીં. પરંતુ પરિણામો ચકિત કરનારા નિકળ્યા.ભાજપ હારી ગયું અને ત્રણેય લોકસભાની સીટ પરથી વિપક્ષોની જીત થઇ. યુપીમાં સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી એક થઇને ભાજપને શિકસ્ત આપી.જ્યારે બિહારમાં લાલુ પ્રસાદ યાદવે જેલમાં રહીને પણ પાર્ટીને જીતાડી. જો કે લાલુપ્રસાદનો પુત્ર તેજસ્વીએ ચુંટણી કમાન હાથમાં લીધી હતી. અને ચુંટણી જીતી બતાવી.તેથી માત્ર મોદીનો જ કરિશ્મા ચાલે છે તેવી વાત પુરી થઇ ગઇ.

ચુંટણીના હારના પરિણામો બાબતે ભાજપના અધ્યક્ષનું માનવું છે કે આ ચુંટણીમાં હાર એ ભાજપની હાર નથી કે યોગીની હાર નથી.તેનાથી કોઇ ફર્ક પડતો નથી.જેથી ચુંટણીમાંથી પદાર્થ પાઠ લેવાને બદલે તેમણે હારને મજાકમાં ઉડાવી દીધી છે.જો કે આ પરિણામો ચોક્કસથી ૨૦૧૯ની આવનારી લોકસભાની ચુંટણીઓ પર અસર પાડી શકે છે. હજુ કર્ણાટક,મધ્યપ્રદેશ,રાજસ્થાન વિગેરે રાજ્યોમાં આવનારી ચુંટણીઓમાં પણ તેની અસર પડશે. પુર્વ ભારતના નાનકડા રાજ્યોમાં જે રીતે ભાજપે જીત મેળવી છે તે કેવી છે તે તેને તો ખબર છે પરંતુ તેનો જશ બીજે બધે મળશે તેમ માનવું ભુલ ભરેલું છે.૨૦૧૪ બાદ થયેલ પેટા ચુંટણીઓમાં ભાજપની હાર થઇ છે.લોકોની લાગણીઓ બદલાઇ છે તેમાં કોઇ શક નથી.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**
એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

**★ નીલા ફાઇનાન્સ ★**
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
**નીલા સી.ગામડીયા**
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


# એનડીએ સરકારમાંથી તેલુગુ દેશમ પક્ષે છેડો ફાડ્યો

આંધ્રપ્રદેશને વિશેષ દરજ્જો આપવાના મામલે કેન્દ્ર સરકાર તરફથી કોઇ પ્રતિભાવ ન મળતાં રોષે ભરાયેલ તેલુગુ દેશમ પાર્ટીએ મોદી સરકારથી છેડો ફાડી નાંખવાની જાહેરાત કરી હતી. અને આ અંતગર્ત પાર્ટીના બે મંત્રીઓએ કેબિનેટમાંથી રાજીનામું આપી દીધું હતું.કેન્દ્ર સરકાર તરફથી આંધ્રપ્રદેશને વિશેષ રાજ્યનો કોઇ દરજ્જો મળવાની નક્કર ખાત્રી ન મળતાં પાર્ટીના નેતા અને રાજ્યના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ તેમના કેબિનેટ મંત્રીઓ અને સાંસદ અશોક ગજપતિ રાજુ અને જાય કક્ષાના મંત્રી વાય.એસ.ચૌધરીને રાજીનામું આપવાનો આદેશ આપી દીધો હતો.

આ સંદર્ભમાં રાજ્યની પાટનગરી અમરાવતીમાં ટીડીપીના ધારાસભ્યોની બેઠક મળી હતી. જેમાં બહુમત ધારાસભ્યોએ ભાજપ સાથે છેડો ફાડવાની સંમતિ આપી દીધી હતી.બેઠકમાં ૧૨૫ સભ્યોની હાજરી હતી.કેન્દ્ર સરકારે વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની તૈયારી બતાવી નહોતી પરંતુ રાજ્યને વિકાસ માટે આર્થિક સહાય આપવાની સાંત્વના આપી હતી. આ અંતગર્ત વિજયવાડા, વિશાખાપટ્ટમ માટે એક મેટ્રો રેલ પ્રોજેક્ટને મંજુરીની પણ કેન્દ્રએ તૈયારી બતાવી હતી.ચંદ્રાબાબુ નાયડુએ કહ્યુ હતું કે રાજ્યના વિભાજન સમયે મોદી સરાકરે રાજ્ય માટે વિશેષ પેકેજનું જે વચન આપ્યું હતું તે નિભાવવું જોઇએ.એપી રિઓર્ગેનાઇઝેશન એક્ટ ૨૦૧૪નું સન્માન કરવા માટે કેન્દ્રને તાકિદ કરી હતી. બેથી ત્રણ દિવસમાં આ મામલે સ્પષ્ટતા કરવા કહ્યુ હતું. આંધ્રપ્રદેશ સ્પેશીયલ કેસ છે. તેમ કહીને તેમણે જણાવ્યુ હતું કે પુર્વોત્તરના રાજ્યોને જે રીતે ઊદ્યોગોમાં રાહત અપાય છે તેવી રાહત કેન્દ્ર સરકાર તરફથી મળવી જોઇએ.ચાર વર્ષ સુધી મે કોઇ આવી માંગણી કરી નહોતી.મને આશા હતી કે ભાજપ અમારો સાથીદાર છે અને અપાયેલા વચન પ્રમાણે આગળ વધશે.ચંદ્રાબાબુએ કહ્યુ હતું કે મે તેમની સાથે અન્ય રાજ્યોની જેમ ફેડરલ માળખામાં રહીને કામ કર્યુ હતું.મારા રાજ્યના લોકો અપમાનિત થયા છે.અને હુ જો એમનો અવાજ ન બનું તો તેઓ મને માફ નહીં કરે. એમ તેમણે વિધાનસભામાં રાજ્યપાલના અભિભાષણ પર બોલતાં કહ્યુ હતું.

આંધ્રની આ માંગણીથી કેન્દ્ર સરકાર મુઝવણમાં પડી ગઇ છે તે માને છે કે વિશેષ રાજ્યનો દરજ્જો ટીડીપીની માંગણીને તે એટલા માટે સંતોષી ના શકે ક તેમને ભવિષ્યમાં બીજા રાજ્યોની આ રીતની માંગણી આવે તો તે તેમ ના કરી શકે.તેણે ધરમુળમાંથી નિયમોમાં બદલાવ લાવવો પડે.જો કે નાણાં મંત્રી અરુણ જેટલીએ કહ્યુ હતું કે આંધ્રપ્રદેશને આવકમાં જે ખાધ પડી રહી છે તેની ભરપાઇ નાણાં પંચની જોગવાઇ મુજબ કરી દેવામાં આવી છે.અને તેમ છતાં જરુર પડે તો આંધ્રને ફંડ આપવા માટે કેન્દ્ર તૈયાર છે.પરંતુ તેને વિશેષ દરજ્જો નહીં મળે. જો ટીડીપીના બે મંત્રી સાંસદોની સાથે વડાપ્રધાને વાતચીત કરી હતી તેમજ ચંદ્રાબાબુ નાયડુ સાથે પણ વાતચીત કરી હતી પરંતુ સમસ્યાનો કોઇ ઉકેલ આવ્યો નહોતો અને તેથી ટીડીપીના મંત્રી સાંસદોએ રાજીનામા આપ્યા હતા. સામે પછી આંધ્ર પ્રદેશની સરાકરમાંથી ભાજપના મંત્રીઓએ પણ રાજીનામાં આપ્યા હતા.

કોગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીએ જણાવ્યુ હતું કે ટીડીપીને જો કોગ્રેસ ૨૦૧૯માં ચુંટાશે તો તેમાં સહકાર આપશે તો તેઓ આંધ્રપ્રદેશને વિશેષ દરજ્જો આપવાનું સૌ પ્રથમ કામ કરશે.હવે ટીડીપી કોગ્રેસનો સહકાર લે છે કે કેમ તે જોવાનું રહ્યું. મહારાષ્ટ્રમાંથી શિવસેનાએ ભાજપનો સાથ છોડી દીધો છે. ધીમે ધીમે એનડીએ ના સાથી પક્ષો છુટા થવા માંડ્યા છે.

# શ્રીલંકામાં ઇમર્જન્સી લાગુ હોવા છતાં બૌધ્ધ અને મુસ્લીમો વચ્ચે કોમી રમખાણો

શ્રીલંકામાં ઇમર્જન્સી લાગુ હોવા છતાં મુસ્લીમ વિરોધી રમખાણોમાં કોઇ ફર્ક પડ્યો નથી.રસ્તાઓ અને શહેરોમાં ચાંપતો બંદોબસ્ત હોવા છતાં બૌધ્ધ સંપ્રદાયના લોકોએ સતત બીજા દિવસે પણ મુસ્લીમ સંપ્રદાયના વિસ્તારોમાં પથ્થરમારો કર્યો હ તો. અને કેટલીક દુકાનો બાળી નાંખી હતી.સરકારે પરિસ્થિતિ ઉપર કાબુ મેળવવા માટે સોશ્યલ મીડીયા પર પ્રતિબંધ મુક્યો હતો.પોલીસે ઘણા વિસ્તારોમાં સ્થિતિ કાબુમાં લેવા માટે કર્ફ્યુ લાદી દીધો હતો.

સમાચારો મળ્યા તે મુજબ બૌધ્ધ સમુદાયનું ટોળુ મોટા પ્રમાણમાં હથિયારો સાથે બહાર નીકળી પડ્યું હતું. અહીયા બેઉ સંપ્રદાયના લોકો વચ્ચે પથ્થરમારો અને મારામારી થઇ હતી.આ દરમિયાન બે મસ્જીદો અને કેટલીક દુકાનોમાં આગ લગાડઇ હતી.છેલ્લા એક અઠવાડીયાથી આ વિસ્તારોમાં ભારે કોમી તંગદીલી પ્રવર્તી રહી હતી.અહીયા થયેલા નુકશાનનો અંદાજ હાલમાં કાઢવામાં આવ્યો નથી.સિહાલો તરફથી મુસ્લીમ વિસ્તારોમાં ભારે તોડફોડ કરવામાં આવી હતી.પોલીસો પરિસ્થિતિને રોકવા લીધેલા પગલાંમાં ત્રણ પોલીસ જવાનોને ઇજા પહોચી હતી.

સરકાર દ્વારા કેન્ડી અને તેની આસપાસના વિસ્તારોમાં ઇન્ટરનેટ અને સોશ્યલ મીડીયા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.ખાસ કરીને ફેસબુક,વોટ્સઅપ,વાઇબર અને ઇન્સ્ટાગ્રામ ઉપર પ્રતિબંધુ મુકી દેવાયો છે.સુત્રોના જણાવ્યા મુજબ રાજધાની કોલંબોમાં પરિસ્થિતિ કાબુમાં લેવાઇ છે. અને સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે. પરંતુ સોશ્યલ મીડીયા ઉપર સરકારે વોચ મુકી છે.જો કે શ્રીલંકામાં ગૃહયુધ્ધની સ્થિતિ બાદ સર્જાયેલ કોમી રમખાણોની સ્થિતિ દેશમાં અફરાતફરીનો માહોલ સર્જ્યો છે.

શ્રીલંકન સરકાર માટે પરિસ્થિતિ ઉપર કંન્ટ્રોલ કરવાનું ભારે પડી રહ્યુ છે.પરંતુ હાલ પુરતું સ્થિતિ થાળે છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર ક્લાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.
**અમી સર્જીકલ**
૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૨૩૮૦૦૧૯૮૯

# વન બાંધવોની રાખે દરકાર
# ગુજરાતની સંવેદનશીલ સરકાર

શ્રી નરેન્દ્રભાઇ મોદી
પ્રધાનમંત્રી,ભારત

શ્રી વિજય રુપાણી
મુખ્યમંત્રી,ગુજરાત

## આદિજાતિ છાત્રોને અધ્યતન શિક્ષણ સુવિધા

આદિજાતિ વિસ્તારમાં ૯૧ નવોદય પેટર્નની રેસીડેન્સીયલ શાળાઓ દ્વારા ૩૦,૧૭૨ આદિજાતિ વિધાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણનો લાભ
મેડીકલના અભ્યાસમાં પ્રવેશ માટે ૬૯૭૫ આદિજાતિના વિધાર્થીઓને આપ્યું ખાસ કોચીંગ
છેલ્લા ત્રણ વર્ષમાં ૧૬૩૦ વિધાર્થીઓને મળ્યો મેડીકલ પ્રવેશ
૬ મુખ્ય શહેરોમાં સ્ટેટ ઓફ આર્ટ કક્ષાના સમરસ છાત્રાલયની સ્થાપના :૩૧૫૦ આદિજાતિ છાત્રોને રહેવા-જમવાની સુવિધા
નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે બિરસા મુંડા ટ્રાઇબલ યુનીવરસીટી થશે કાર્યાન્વિત

## આદિજાતિઓના સ્વાસ્થની સંભાળ

રાજ્યના ૯૦ લાખ આદિજાતિ લોકોનું સિકલસેલ એનિમીયા માટે સ્કિનીંગ પુર્ણ : આદિજાતિના દર્દી માટે વાર્ષિક રૂ.૬૦૦૦ ની સહાય
સારવાર માટે સરકારી હોસ્પીટલમાં ખાસ વોર્ડ ઊભા કરાયા.
દુધ સંજીવની યોજના : તમામ આદિજાતિ તાલુકાની આંગણવાડીઓ અને પ્રાથમિક શાળાઓનો ૨૦ લાક લાખથી વધુ બાળકોને ફોર્ટીફાઇડ ક્વેવર્ડ દુધનો લાભ.

## આદિજાતિ ખેડુતો ખુશખુશાલ

વન અધિકાર ધારા હેઠળ ૮૩,૮૭૮ આદિજાતિ પરિવારોને ૧,૨૬,૯૧૫૬ એકર જમીન ખેડવાના અધિકાર સુપ્રત : ૪૯૦૦૦ કુટુંબોની જમીન માપણી પુર્ણ : ૭/૧૨ અને ૮-અ ના મહેસુલી રેકર્ડમાં બીજા હકકની નોંધણી : ૪૬૫૯ સામુહિક દાવા અને ૯૩૯ માળખાકીય સુવિધાઓ માટેના દાવાઓને મંજુરી
કૃષિ વૈવિધ્યકરણ : આદિજાતિના ૫ લાખથી વધુ ખેડુતોને સુધારેલ બિયારણ, ખાતર,મંડપ યોજના હેઠળ લાભ
આદિજાતિ મહિલાઓને ૧,૧૪,૩૪૩ દુધાળા પશું આપી આત્મનિર્ભર બનાવવાનો સફળ પ્રયાસ

## આદિજાતિઓનો આર્થિક વિકાસ

૮ સ્ટેટ ઓફ આર્ટ કક્ષાના વ્યવસાયિખ તાલીમ કેન્દ્ર દ્વારા ૪૯,૪૭૯ આદિજાતિ યુવાઓને તાલીમ :
૩૫,૦૦૦ને સીધી રોજગારી સાથે જોડાણ
૨૪ પરંપરાગત હાટ બજારને અધતન સુવિધાઓ સાથે ઊભા કરી આદી જાતિ વિસ્તારમાં આર્થિક વિકાસને આપ્યો વેગ :
ચાલુ વર્ષે ૧૦ નવા હાટને મંજુરી
અંતરીયાળ આદિજાતિ વિસ્તારમાં ફાઇનાન્સિયલ ઇન્કલુશન હેઠળ ૨૯ એ.ટી.એમ.ની સ્થાપના
૩ લાખ જેટલા કુટુંબોનું બેંક સુવીધા સાથે જોડાણ

## પેસા એક્ટના અમલથી આદિજાતીઓનું સશક્તિકરણ

## ગૌણ વનપેદાશના માલિક હવે ગ્રામસભા અને આદિવાસી સમાજ

## ગૌણ વનપેદાશના વેચાણની સંપુર્ણ આવક એકત્રિત કરનારના ખાતામાં સીધા જમા પરવાનો લઇ ગૌણ ખનિજ વાપરવાનો મળ્યો અધિકાર

## આદિજાતિ સમુદાયને સમાજની મુખ્યધારામાં લાવવા સરકાર પ્રયત્નશીલ-

## નીતીનભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી

# સૌને પ્રભાવિત કરવાના ઉધામાઓથી બચીએ

સૌનું ધ્યાન પોતાના તરફ આકર્ષાય એવી ધખણા સેવતો માણસ કેટલીક વાર પોતાને હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકી દેતો હોય છે.બીજો પ્રભાવિત કરવાની ઈચ્છા દરેકને હોય છે. પરંતુ આવી ઈચ્છા હઠ બહાર વકરે ત્યારે મનોવિકૃત્તિનું સ્વરુપ ધારણ કરે છે.અધુરો ઘડો છલકાય, એ કહેવતને ચરિતાર્થ થતી જોવી હોય તો જાહેર સમારંભોમાં બીજાને પ્રભાવિત કરવા ઉધામા આચરતા માણસોની આજુબાજુ ગોઠવાઈ જવું.ટોળાને પ્રભાવિત કરવાની ઈચ્છા ધરાવતા માણસોની ઓળખ મેળવી લઈએ : જાહેર સ્થળો પર પોતાના ભવ્ય પોષાકથી બધાને આંજી દેવાની પેરવીમાં રહેતા માણસો તમે જોયા હશે.શરીરને ઢાંકવાને બદલે ખુલ્લુ કરે એવા વસ્ત્રો ધારણ કરનાર માણસ બધાનું ધ્યાન ખેચવામાં સફળ થાય છે. ઊંચા અવાજે છટાદાર ભાષણ ઠોકતો માણસ પોતાની આજુબાજુ દસ પંદર માણસોનું ટોળું એકત્ર કરીને ઊભો હોય તો સમજી લેવું કે મહાશય બધાને પ્રભાવિત કરવાની વેતરણમાં છે.એક લગ્ન સમારંભમાં ટોળું ભેગું કરીનો સૌનો પોતાના પરાક્રમો સંભળાવતા શુરવીરને કન્યાના પતાએ બે હાથ જોડીને કહેવુ પડેલું , સર, આપ ગયા અઠવાડિયે પ્રેસિડેન્ટ બરાક ઓબામા સાથે વાઈટ હાઉસમાં ડિનર લઈ આવ્યા એ માટે અભિનંદન.પરંતુ તમે આ બધી વાતો બહાર જઈને કરો તો સારુ. તમને સાંભળવામાં ગોર મહારાજ લગ્ન વિધિ તરફ ધ્યાન આપી શકતા નથી. ટ્રેનમાં, બસમાં, રેલ્વે પ્લેટફોર્મ પર, સ્મશાનમાં અને બેસણાંમાં સર્વત્ર બીજાને પ્રભાવિત કરવાની ઈચ્છા ધરાવતા એકાદ બે શુરવીરો તમને જરુર થી ભટકાશે.એક વાર અમે પબ્લીક ગાર્ડનમાં ઈવનિંગ વોક માટે ગયા હતા. એ સમાજ સેવક જેવો દેખાતો પ્રોઢ વયનો માણસ મોટા થેલામાં પાંચ રુપીયાના બિસ્કિટના પેકેટ લઈનો ત્યાં આવી પહોચ્યો.એમની સાથે એક ફોટોગ્રાફર પણ હતો. ગાર્ડનમાં એમણે ફરતા બાળ ભિખારીઓને એકત્ર કરીને બિસ્કીટ વહેચવાનું શરુ કર્યું. સમાજ સેવક પંદર વિસ પેકેટ વહેચ્યા. ફોટોગ્રાફરે ફોટા ખેચી લીધા, અને ખેલ પુરો થયો.પત્નીએ મને પુછ્યું : આ બધું શું હતું ! મે સમજાવ્યું :આ વિશિષ્ઠ પ્રકારની સમાજસેવા છે. સમાજસેવકે ગરીબ બાળકોને બિસ્કીટ વહેચ્યા તેનો ફોટો આવતી કાલે અખબારમાં છપાશે. એમણે માત્ર બિસ્કીટ વહેચ્યા છે. પરંતુ બિસ્કીટ અર્પણ કાર્યક્રમના ફોટા નીચે લખાયું હશેઃ ગરીબ બાળકોને બિસ્કીટ અને શુધ્ધ ઘીની સુખડી વહેચવામાં આવ્યા હતા.આપણે બાળ ભિખારીઓના ફોટા જોઈને હરખાવવાનું.કોઈ પણ માણસ બીજાને પ્રભાવિત કરવા આવા ખેલો પાડવાની જરુર કેમ પડે છે ? પોતાના તરફ બધાનું ધ્યાન આર્કષિત કરવાથી શો ફાયદો ? યુવામિત્રો સાથે વ્યક્તિત્વ વિકાસના સિધ્ધાંતો ચર્ચતી વખતે બધાને પ્રભાવિત કરવાના માર્ગો અંગે પણ વાતો થાય છે.બધા પર છવાઈ જવાની ઈચ્છા સહજવૃત્તિઓનો જ એક ભાગ છે. પરંતુ જ્યારે એ ઈચ્છાનો અતિરેક થાય ત્યારે એ સહજવૃત્તિ મટીને મનોવિકૃત્તિ બની જાય છે. એક ચિંતકે કહ્યું છે : આપણે બીજાને પ્રભાવિત કરવાનું છોડી દઈએ અને માત્ર પોતાને જ પ્રભાવિત કરી શકીએ તોય એ પુરતું છે.કોઈના લગ્ન પછી યોજાયેલા સન્માન સમારંભમાં ગયેલા માણસ દસ પંદર માણસોનું ટોળું ભેગુ કરીને ભાષણ ઠોકવાની ચેષ્ઠા શા માટે કરે ? સૌના ધ્યાનનું કેન્દ્ર તો વર-કન્યા હોવા જોઈએને, તેઓ વચ્ચે ક્યાંથી ટપકી પડ્યા ? કિંમતી વસ્ત્રો અને ઘરેણા પહેરીને અન્ય સૌને પ્રભાવિત કરવાની ઈચ્છાને અનિષ્ઠ ન ગણીએ તો ચાલે કારણ કે એવું કરનારા બીજાને તકલીફ પહોચાડવા વગર ચુપચાપ પોતાની જાહેરાત કરતા હોય છે.જો કે શરીર પર શોભાયમાન પાંચ લાખ રુપીયાના સુટથી કે બે લાખ રુપીયાની સાડીથી પ્રભાવિત થનાર મુર્ખ માણસો કેટલા ?કાંડા પર બંધાયેલી ઘડિયાળ, પ્રાગણમાં પાર્ક થયેલ એંસી લાખની કાર કે ગળામાં લટકતો અમુલ્ય(વર્થલેસ)નેકલેસ કેટલા માણસોને પ્રભાવિત કરી શકે ?છતાં બધાને પ્રભાવિત કરવા અખત્યાર થતા આ ઉધામાઓ નિર્દોષ સ્વરુપના છે અને તેથી ક્ષમાને પાત્ર ગણાય.પરંતુ ગાંધી,કૃષ્ણ કે મહાવીર જયંતીના ઉપલક્ષમાં યોજાયેલ વ્યાખ્યાન કાર્યક્રમમાં વ્યાખ્યાન શરુ થાય તે પુર્વે પોતાનો પ્રભાવ પાથરવા કોઈ પરાક્રમી પુરુષ એવું બોલતા સંભળાય કે બોસ, મારી દારુની બોટલ પાંચ હજારની થાય છે.તમે મહિને દસ હજારમાં ઘર ચલાવવાની વાત કરો છો ? સદાચાર અને સંયમની વાતો એકવીસમી સદીમાં બકવાસ છે.... જિંદગી જલસા કરવા માટે છે બોસ .તો શું સમજવાનું ? આપણે નમ્રતાથી ધીમા અવાજે એમને એટલું જરુર પુછી શકીએ : તમે આ વ્યાખ્યાનમાળામાં કઈ રીતે ભુલા પડ્યા, બોસ. સાચું પુછો તો બીજાને પ્રભાવિત કરવાના ઉધામા જ ગલત છે.અનિચ્છનીય છે અને માણસે ખ્યાતિ મેળવવા કદી એવા ડ્રામા કરવા તરફ ન વળવું જોઈએ. બીજા પર છવાઈ જવાન પેરવીમાં રહેતો માણસ છેવટે ઓળખાઈ જાય છે. પકડાઈ જાય છે અને શાણા તથા સમજદાર માણસોનો આદર ગુમાવે છે. સમાજમાં હાસ્યાસ્પદ ઠરે છે.માણસ માનવ મેદની સમક્ષ પોતાનો પ્રભાવ પાથરવાની કોશિશ કેમ કરે છે ?કોઈનો આદર પ્રાપ્ત કરવા માટેનો એ શોર્ટકટ છે. ઘણા બધા માણસોની નજરમાં વસી જવા માટેનો એ કીમીયો છે. લોકોને પ્રભાવિત કરવા માટે ડંફાસો મારવી પડે છે.જુઠુ બોલવું પડે છે.(ખુદ મુખ્યમંત્રીને ફોન કરીને મને સંસદની ચુંટણી માટે ટિકીટ ાપવાની વાત કરી હતી પરતું આપણે સમાજસેવા છોડીને કીચડમાં શું કામ ચોખ્ખી ના પાડી દીધી બોસ.બધાની ખુશામદ કરવી પડે અને બધાની સામે કથક નૃત્ય પણ કરવુંપડે.વર્તનશાસ્ત્ર પ્રભાવ પાથરતા લોકોને અને પ્રભાવ હેઠળ આવી જતી જનતાને એક જ સલાહ આપે છે.: પ્રભાવ સાથે સબંધિત બંન્ને વર્તનોથી દુર રહે.જેમને સ્વંય પોતાને માટે આદર નથી તેઓજ બીજાનો આદર પામવા પ્રભાવ પાથરવાની કોશીશ કરે છે.પાંચ સાત શ્રોતાઓને ભેગા કરી ચટાકેદાર શૈલીમાં પોતાના પરાક્રમોની ડંફાસ મારતા સ્માર્ટ માણસોથી જરુર બચવું અને નવગજ દુર રહેવું . જ્યાં ને ત્યાં ટોળું જોઈને ધસી જઈએ તો કોઈને કોઈ વિદુષક આપણા પર પ્રભાવ પાથરી જાય તેવો પુરેપુરો સંભવ છે.જેઓ પ્રસંગની ગરિમા જાળવ્યા વગર કોઈ પણ ઠેકાણે પ્રભાવ પાથરવા અને આદર ઉઘરાવવા ઉભા થઈ જાય,એમને વળી આદર શાને આપવાનો ? વગર વિચાર્યે, કોઈના પણ પ્રભાવ હેઠળ આવવાથી બચીએ.

લેખક : વિશ્વામિત્ર (સૌ.સંદેશ)


## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# મહિલા દિનની ઉજવણીની સાથે સરકારે રાજ્યમાં મહિલાઓની સલામતી માટે ચિંતા સેવવી જરુરી છે

૮મી માર્ચ એટલે મહિલા દિન,આખુ વિશ્વ મહિલા દિને મહિલાઓના માટે જાગૃત બની જાય.મહિલાઓની સલામતી અને તેમના આદર માટે મોટા મોટા પ્રવચનો અને સેમિનારો યોજાય છે. પરંતુ ખરેખર જ્યારે મહિલાઓના આદર અને સલામતીનો સવાલ આવે છે ત્યારે તંત્ર એકદમ નબળું સાબિત થાય છે.તાજેતરમાં વિધાનસભામાં કોગ્રીસી ધારાસભ્ય દ્વારા પુછાયેલા પ્રશ્ન મુજબ રાજ્યમાં કેટલી મહિલાઓ ગુમ થઈ તે હતો.સવાલના જવાબમાં ગૃહ વિભાગ દ્વારા કહેવાયું હતું કે છેલ્લા બે વર્ષમા ૧૩,૫૭૪ મહિલાઓ ગુમ થઈ હતી.મહિલાઓની સલામતી માટે સરકારની નિક્રિયતા અને નિષ્ફળતા સાબિત કરતાં આંકડા છે.ત્યાર બાદ કહેવાયું હતું કેગુમ થયેલ મહિલાઓમાંતી ૧૦,૨૭૨ મહિલાઓ મળી આવી હતી.એટલેકે ૩૩૦૨ મહિલાઓ મળી નથી.આ ગુમ થયેલી મહિલાઓ શોધી કાઢવા માટે સરકારે શું કર્યું તેનો જવાબ અધુરો છે.સરકારી ખર્ચે મહિલા સંમેલનો યોજવા,જાહેરાતો આપવી, બેટી બચાવો,બેટી પઢાઓ સુત્રો પોકરવા માંથી સરકાર તેમની સફળતા બતાવે છે.જો કે ગૃહમંત્રીના કહેવા મુજબ ૧૫ થી ૧૮ વર્ષની વયની કન્યાઓ પ્રેમ પ્રકરણના કારણે ઘર છોડી જતી રહેતી હોવાની સંખ્યા વધારે છે.

કોઈપણ કારણો હોય પરંતુ સરકારે ગુમ થયેલાઓને શોધી કાઢવા જરુરી છે જેથી જેમના સ્વજનો ગુમ થયા હોય તેમને માનસિક ત્રાસમાંથી મુક્તિ આપી શકાય.

# કર્ણાટકના લોકાયુક્ત જસ્ટીસ શેટ્ટી પર ઓફિસમાં જ હિંસક હુમલો

દેશમાં ન્યાયતંત્ર ઉપર જો હુમલા કરવામાં આવશે તો ન્યાયતંત્રની કેડ ભાંગી જશે અને લોકતંત્રની પડતી થશે. કર્ણાટકમાં લોકાયુક્ત જસ્ટીસ પી.વિશ્વનાથ શેટ્ટી પર એક શખ્સે ઓફિસમાં જ ચાકુથી હુમલો કર્યો હતો.જો તેમની તબિયત સ્થિર છે.પોલીસે જણાવ્યા મુજબ હુમલાખોરે જસ્ટીસ ઉપર ત્રણ વાર ચાકુના ઘા માર્યા હતા.બેગલુર પોલીસે આરોપી તેજસ શર્માની ધરપકડ કરી છે.જાન્યુ.૨૦૧૭માં જસ્ટીસ શેટ્ટીએ કર્ણાટકના લોકાયુક્તનો પદભાર સંભાળ્યો હતો.તેમના અગાઉ જસ્ટીસ વાય.ભાસ્કરરાવ લોકાયુકત હતા.પરંતુ ડિસે.૨૦૧૫માં રાવના દીકરા પર ગોટાળાનો આક્ષેપ થયા બાદ તેમણે સરકાર અને લોકોના દબાણને કારણે રાજીનામું આપવું પડ્યું હતું.જો કે કોઈપણ બાબત પર દબાણ લાવવા હિંસાનો આશરો લેવો વ્યાજબી નથી.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

સંપર્કઃ

**એ.એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.